# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૩૮ તા.૨૬-૭-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- 'વંદે ગુજરાત' ચેનલ પર 'ટીમ ટીમ તારા'' કાર્યક્રમ નિહાળવા બાબત.

સંદર્ભ :- એસ.એસ.એ./ગ.એ/૨૦૧૯/૧૮/૨૪૬૦૫-૬૪૪ તા.૧૧-૭-૧૯નો પત્ર.

આથી તમામ ઉચ્ચ પ્રાથમિક મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે જી.સી.ઈ.આર.ટી.એ 'વંદે ગુજરાત' ચેનલ નં.૬,૭ અને ૮ પર ''અપરાજીથા ફાઉન્ડેશન'' દ્વારા તૈયાર કરાયેલ જીવન કૌશલ્ય પર આધારિત કાર્યક્રમ '' ટીમ ટીમ તારા'' કાર્યક્રમ અઠવાડિયામાં એકવાર એક કલાક પ્રસારિત કરવાનું આયોજન કરેલ છે. સદર કાર્યક્રમનો હેતું બાળકો સાચા જીવન કૌશલ્યોથી પરિચિત થાય અને તેઓના જીવનમાં તેનું અનુકરણ કરી તેઓ સાચી દિશામાં આગળ વધી શકે તે મુજબનો છે.

તમામ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ધો.૬,૭ અને ૮ના બાળકો અઠવાડિયામાં એક કલાક આ કાર્યક્રમ નિહાળે તેવું આયોજન કરશો. આ કાર્યક્રમની દેખરેખ અપરાજીથા ફાઉન્ડેશનની ટીમ દ્વારા કરવામાં આવશે. દર અઠવાડિયે બુધવારે સવારપાળીની શાળાઓ અને ગુરૂવારે બપોરપાળીની શાળાઓ માટે આ કાર્યક્રમ પ્રસારિત થશે. સદર કાર્યક્રમનું પ્રસારણ નીચેની વેબસાઈટ પરથી મેળવી તે મુજબ કાર્યક્રમ બતાવવાનો રહેશે.

1. https://vande.gujarat.gov.in
2. gcert.gujarat.gov.in

શિક્ષકોએ સદર કાર્યક્રમમાં મદદરૂપ થવાના હેતુથી ટિમ-ટિમ તારા કાર્યક્રમની એનરોઈડ એપ્લીકેશન પણ તૈયાર કરવામાં આવેલ છે. જેને પ્લેસ્ટોર પરથી ttt aparajitha લખીને સર્ચ કરી ડાઉનલોડ પણ કરી શકાશે. આ કાર્યક્રમ નિહાળવા માટેનો છે. અપરાજિથા ફાઉન્ડેશનના પ્રશિક્ષણાર્થીઓ આ બાબતે શાળા મુલાકાત લઈ શકતા નથી. જેની સ્પષ્ટનોંધ મુખ્ય શિક્ષકશ્રીઓએ લેવી.

તા.૨૬-૭-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૩૮-A   તા.૨૬-૭-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- ગુજરાતી સિવાયના અન્ય માધ્યમમાં વિવિધ ભાષાની સામાયિક કસોટી(પીરીયોટીક ટેસ્ટ) બાબત.

સંદર્ભ :- ૧. એસ.એસ.એ./કયુઈસેલ/૨૦૧૯/૨૫૭૮૫-૮૨૪ તા.૨૫-૭-૧૯નો પત્ર.

૨. જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૧૯/૧૮૭૮૭-૧૮૮૧૨ તા.૨૪-૭-૨૦૧૯નો પત્ર

આથી તમામ મ્યુનિ. મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ૨૦૧૯-૨૦ થી રાજયની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે લેવામાં આવતી સામાયિક કસોટીઓનો ગુજરાતી સિવાયના અન્ય માધ્યમ માટે નીચે મુજબની વિગતોને ધ્યાને લઈ અમલ કરવાનો રહેશે.

૧. સામાયિક કસોટીના સમયપત્રક અનુસાર ગુજરાતીની કસોટી હોય ત્યારે અન્ય માધ્યમમાં જે-તે માધ્યમની પ્રથમ ભાષાની કસોટી લેવાની રહેશે.
૨. ગુજરાતી માધ્યમમાં હિન્દીની કસોટી હોય ત્યારે હિન્દી માધયમમાં ગુજરાતી (પ્રાદેશિક ભાષા)ની કસોટી લેવાની રહેશે.
૩. ગુજરાતી માધ્યમમાં અંગ્રેજીની કસોટી હોય ત્યારે અંગ્રેજી માધ્યમમાં ગુજરાતી (પ્રાદેશિક ભાષા)ની કસોટી લેવાની રહેશે.
૪. ઉર્દૂ, મરાઠી અને તમીલ માધ્યમમાં ગુજરાતી (પ્રાદેશિક ભાષા)ની કસોટી તા.૧૯-૮-૧૯ના રોજ લેવાની રહેશે.
૫. અન્ય માધયમ માટે ધો.૪ પર્યાવરણ અને ધો.૬ સામાજિક વિજ્ઞાનમાં જુના અભ્યાસક્રમ મુજબ કસોટી તૈયાર કરવાની રહેશે.
૬. સમગ્ર પ્રક્રિયા દરમ્યાન ગોપનીયતા જાળવવાની રહેશે.
૭. ગુણની ઓનલાઈન એન્ટ્રી કરવામાં આવે ત્યારે ઉપર મુજબ જે-તે વિષય અનુસાર એન્ટ્રી કરવી.

બિડાણ : સંદર્ભિત પત્ર -૨

તા.૨૬-૭-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/2019/ ૧૬૭૯૭-૧૮૮૫૨
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in

તારીખ: ૨૩/૦૭/૨૦૧૯

પ્રતિ,

પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
અમદાવાદ-ગ્રામ્ય, અમદાવાદ-શહેર, વડોદરા, સુરત, નવસારી

વિષયઃ અન્ય માધ્યમમાં વિવિધ ભાષાની સામયિક કસોટી (Periodical Test) બાબત

સંદર્ભઃ પત્રક્રમાંકઃજીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૧૯/૧૪૬૪૮-૭૫ તા. ૨૯/૦૬/૨૦૧૯

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે વર્ષ ૨૦૧૯-૨૦થી રાજ્યની પ્રાથમિકશાળાઓમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે લેવામાં આવતી સામયિક કસોટીઓનો અન્ય માધ્યમમાં અનુવાદ/રચના કરવાની થાય છે. આપશ્રીના ડાયેટને સોંપવામાં આવેલ માધ્યમ અંતર્ગત કસોટીના અનુવાદ/રચના કરતી વખતે નીચેની બાબતોને ધ્યાને લેશો.

- સામયિક કસોટીનાં સમયપત્રક અનુસાર ગુજરાતીની કસોટી હોય ત્યારે અન્ય માધ્યમમાં જે તે માધ્યમની પ્રથમભાષાની કસોટી લેવાની રહેશે.
- ગુજરાતી માધ્યમમાં હિન્દીની કસોટી હોય ત્યારે હિન્દી માધ્યમમાં ગુજરાતી (પ્રાદેશિકભાષા)ની કસોટી લેવાની રહેશે.
- ગુજરાતી માધ્યમમાં અંગ્રેજીની કસોટી હોય ત્યારે અંગ્રેજી માધ્યમમાં ગુજરાતી(પ્રાદેશિકભાષા)ની કસોટી લેવાની રહેશે.
- ઉર્દૂ, મરાઠી, તેલુગુ, ઉડિયા અને તમિલ માધ્યમમાં ગુજરાતી (પ્રાદેશિકભાષા)ની તા.૧૯/૦૮/૨૦૧૯નાં રોજ લેવાની રહેશે. આ અંતર્ગત ડાયેટ અમદાવાદ-શહેર દ્વારા ધોરણ ૩ થી ૮ની સદર પ્રાદેશિક ભાષાની કસોટી તૈયાર કરી PDF કોપી સંબંધિત ડાયેટને તા.૧૭/૮/૨૦૧૯નાં રોજ મોકલી આપવાની રહેશે.
- ડાયેટ પોતાને મળેલ અન્ય માધ્યમની કસોટીની PDF કોપી પોતાના જિલ્લાના DPEO/AO ને મોકલી આપશે.
- અન્ય માધ્યમ માટે ધોરણ-૪ પર્યાવરણ અને ધોરણ-૬ સામાજિક વિજ્ઞાનમાં જૂના અભ્યાસક્રમ મુજબ કસોટી તૈયાર કરવાની રહેશે.
- સમગ્ર પ્રક્રિયા દરમિયાન ગોપનીયતા જાળવવાની રહેશે.

સચિવ
જીસીઈઆરટી
ગાંધીનગર

નકલ રવાનાઃ

- QE Cell, એસ.એસ.એ. કચેરી, ગાંધીનગર (સંબંધિત શાળાઓને જાણ થવા આગળની કાર્યવાહી કરવા સારૂં)
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

Scanned by CamScanner

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત કાઉન્સિલ ઓફ પ્રાયમરી એજ્યુકેશન
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી,
સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર–૧૭, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯–૨૩૨ ૩૪૯૩૯
email : ssamstatett@gmail.com

**પત્રક્રમાંક : એસએસએ/કયુઈસેલ/૨૦૧૯/ ૨૫૭૯૫ – ૯૨૪** **તા.૨૫/૭/૧૯**

**પ્રતિ,**
**જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા પ્રોજેક્ટ કચેરી, એસએસએ,**
**જિલ્લા :** તમામ.
**શાસનાધિકારીશ્રી :** અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા.

**વિષય : અન્ય માધ્યમમાં વિવિધ ભાષાની સામયિક કસોટી(પીરીયોડીક ટેસ્ટ) બાબત**
**સંદર્ભ : જીસીઈઆરટીનો પત્રક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૧૯/૧૮૭૮૭–૮૧૨,**
**તા.૨૪/૭/૨૦૧૯**

ઉપરોક્ત વિષય અન્વયેના સંદર્ભિત પત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. પત્રમાં દર્શાવ્યા મુજબની વિગતો ધ્યાને લઈ આપના તાબા હેઠળની તમામ શાળાઓને આપની કક્ષાએથી જરૂરી સુચનાઓ આપવા વિનંતી છે.

**સચિવ**
**એસપીઓ, એસએસએ,**
**ગાંધીનગર.**

**બિડાણ :**
– સંદર્ભિત પત્રની નકલ

**નકલ સવિનય રવાના :**
– માન.એસપીડીશ્રી, સદર કચેરી.
– માન.એએસપીડીશ્રી, સદર કચેરી.
– માન.નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર–૧૨, ગાંધીનગર.

Scanned by CamScanner

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૮-B તા.૨૬-૭-૨૦૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત નોડલ બાલ ડોકટર અને નોડલ શિક્ષક બનાવવા બાબત.

સંદર્ભઃ- અર્બન હેલ્થ સોસાયટી, નો તા.૧૯-૭-૨૦૧૯ નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે શાળા આરોગ્ય કાર્યક્રમ - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત દરેક પ્રાથમિક શાળામાં દરેક વર્ગમાં બાળડોકટર બનાવવાનું નકકી કરી તે પ્રમાણે કામગીરી કરવામાં આવી રહી છે. દરેક વર્ગમાં બાળડોકટર તરીકેના બાળકની ઓળખની કામગીરી શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવશે. દરેક શાળામાંથી આ માટે એક નોડલ શિક્ષક બનાવવાનો રહેશે. બાળડોકટરે બાળકોમાં આરોગ્યપ્રદ ટેવોનું નિર્માણ કરવું, સામાન્ય બિમારીમાં મુખ્ય શિક્ષક પાસે મોકલવા, જમતા પહેલા હાથ ધોવા, WIFS પ્રોગ્રામ અંતર્ગત IFA ગોળીનું મહત્વ, વ્યસનમુક્તિની સમજ, સિઝનલ ડીસીઝ અને તેના અટકાવ અંગે પ્રાથમિક જાણકારી આપવાની રહેશે.

દરેક શાળાએ બાળડોકટર બનાવી તેનું લીસ્ટ શાળાના બુલેટીન બોર્ડ પર રાખવાનું રહેશે. આ સાથે બિડાણ પત્ર મુજબના સૂચનોનું ચુસ્ત પાલન કરાવવાનું રહેશે તેમજ આ સાથે આપેલ પત્રકો મુજબની માહિતી તા.૩૧-૭-૧૯ ના રોજ સુપરવાઇઝરશ્રીને મોકલી આપવાની રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર તથા પત્રક

તા.૨૬-૭-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# URBAN HEALTH SOCIETY

AHMEDABAD MUNICIPAL CORPORATION

"AAROGYA BHAVAN", Second Floor, Old TB Hospital Compaund,

Opp Old Gita Mandir S.T. Bus Stand,Gita Mandir Road.- 380022. Tel: 079-25392185


તા.19/7/19

પ્રતિશ્રી,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,

શાસનાધિકારી શ્રી મ્યુનિસિપલ સ્કુલ બોર્ડ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

વિષય: શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત નોડલ બાલ ડૉક્ટર અને નોડલ શિક્ષક બનાવવા બાબત

સંદર્ભ : સચિવશ્રી તેમજ અગ્રસચિવ અને કમિશ્નરશ્રી (આરોગ્ય) નો તા. ૧૧/૭/૧૯ નો પત્રક્રમાંક આર.બી. એસ. કે./ બાલ ડોક્ટર /૪૦૯૬-૪૨૩૭/૧૯

શાળા આરોગ્ય કાર્યક્રમ – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત

- 0 થી6 વર્ષના આંગણવાડીના બાળકો
- ધોરણ ૧ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓ
- નવજાત શિશુથી શાળાએ ન જતાં ૧૮ વર્ષ સુધીના બાળકો
- ખાનગી અને સરકારી તમામ આશ્રમ શાળાના વિદ્યાર્થીઓ
- ખાનગી અને સરકારી ચિલ્ડ્રન હોમના બાળકો/ અનાથાશ્રમના બાળકો
- પરંપરાગત ધાર્મિક શિક્ષણ, મદ્રેશા અને સંસ્થાઓના બાળકોની આરોગ્ય તપાસ અને સારવાર કરવામાં આવે છે.

રાજ્ય સરકારની સુચના મુજબ દરેક પ્રાથમિક શાળામા દરેક વર્ગમા બાળ ડોક્ટર બનાવવાનુ નક્કી કરી તે પ્રમાણે કામગીરી કરવામાં આવી રહી છે. દરેક વર્ગમા બાળ ડોક્ટર તરીકેના બાળકની ઓળખની કામગીરી શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવશે. દરેક શાળામાં એક નોડલ શિક્ષક બનાવવાનુ નક્કી કરવામાં આવે છે. બાલ ડોક્ટરે બાળકોમાં આરોગ્ય પ્રદ ટેવોનુ નિર્માણ કરવુ, સામાન્ય બિમારી માં મુખ્ય શિક્ષક પાસે મોકલવા, જમતા પહેલા હાથ ધોવાની અગત્યતા, WIFS પ્રોગ્રામ અંતર્ગત આઈ. એફ. એ. ગોળીનુ મહત્વ, વ્યસન મુક્તિ ધુમ્રપાન મુક્તિ ની સમજ, સિઝનલ ડિસીઝ અને તેના અટકાવ અંગેની પ્રાથમિક જાણકારી આપવાની રહેશે. જે આપશ્રીને જાણ સારૂ.

19.7.19

કુટુંબ કલ્યાણ અધિકારી

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન

४०६९-४२३७

ડો જયંતી એસ. રવિ, આઇ.એ.એસ.
કમિશનર (આરોગ્ય) અને અગ્રસચિવ (જા.આ. & પ.ક.)

પત્ર ક્રમાંક : આર.બી.એસ.કે./બાલ ડોક્ટર/ ૧૯
કમિશનર આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ
ગુજરાત સરકાર
બ્લોક નં. ૫/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર - ૩૮૨૦૧૦
તા. ૧૨/૦૭/૨૦૧૯.

હેલ્થ મધ્યસ્થ કચેરી
ઇન્વર્ડ નં. ...૨૩)...
આવ્યા તા. / /૨૦
રવાના તા. ૧૨/ ૭/૨૦૧૯

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ

વિષયઃ " શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય " કાર્યક્રમ અંતર્ગત નોડલ બાલ ડૉકટર અને નોડલ શિક્ષક બનાવવા બાબત.

"શાળા આરોગ્ય –રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય" કાર્યક્રમ અંતર્ગત નવજાત શિશુથી ૬ વર્ષના આંગણવાડીના બાળકો અને ધો.૧ થી ૧૨ માં અભ્યાસ કરતા સરકારી-ખાનગી અને ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાના તમામ વિધાર્થીઓ, ૧૮ વર્ષ સુધીના શાળાએ ન જતાં બાળકો, આશ્રમશાળા, મદ્રેસા, ચિલ્ડ્રન હોમના બાળકોને "4D" પ્રમાણે આરોગ્ય તપાસ અને સારવાર કરવામાં આવે છે, સાથે-સાથે નવજાત શિશુથી ૬ અઠવાડિયા સુધીના બાળકોની જન્મજાત ખામીઓ માટે આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે.

બાળકોએ આવતીકાલના નાગરિકો અને દેશનું ભાવી છે. બાળકોને નાનપણથી જ આરોગ્ય શિક્ષણ, સારા ચારિત્ર્યની શિક્ષા તેમજ આરોગ્યપ્રદ ટેવોનું સિંચન કરવામાં આવે તો તે ટેવ અને વિચારો આખી જિંદગી સુધી સચવાઇ રહે છે તેમજ બાળકોમાં સ્વચ્છતા અંગેની ટેવો જેવી કે નખ કાપવા, રોજ સ્નાન કરવું, રોજ બ્રશ કરવું, જમતાં પહેલાં હાથ ધોવા, વ્યસનથી દૂર રહેવું વગેરે આરોગ્યપ્રદ મેસેજ પણ બાળકોના માધ્યમથી બાળકોમાં ફેલાવવામાં આવે તો તેનું ઘણું સારુ પરિણામ આવી શકે છે તેમજ બાળકો દ્વારા તેમના ઘરમાં અને સમાજમાં પણ એક સારો સંદેશ ફેલાય છે.

રાજયમાં દરેક સરકારી પ્રાથમિક શાળામાં દરેક વર્ગમાં બાલ ડૉકટર બનાવવાનું નકકી કરી તે પ્રમાણે કામગીરી કરવામાં આવી રહી છે. રાજ્યમાં દરેક સરકારી પ્રાથમિક શાળામાં દરેક વર્ગમાં બાલ ડૉકટર બનાવવામાં આવેલ છે. રાજયમાં ગત વર્ષે કુલ ૨,૨૮,૫૭૯ બાલ ડૉકટર બનાવવામાં આવેલ હતાં.

- AO આત્મને જાણ કરશો.
- Follow up. કરશો.

To,
ડૉ. ...

ફોન નં. (ઓ) +૯૧ ૭૯ ૨૩૨૫૩૨૭૧ ● ફેક્સ : +૯૧ ૭૯ ૨૩૨૫૯૪૩૦ ● ઈમેઇલ : cohealth@gujarat.gov.in

જુન માસથી નવુ શૈક્ષણિક સત્ર શરૂ થયેલ હોઇ બાલ ડોકટરની કામગીરીને અસરકારક અને સુચારી રીતે કરવા માટે નીચે પ્રમાણેની કામગીરી કરવાની થાય છે

આ "બાલ ડોકટર" દ્વારા બાળકોમાં નીચે પ્રમાણે કામગીરી કરવામાં આવશે.

૧. બાળકોમાં આરોગ્યપ્રદ ટેવોનું નિર્માણ કરવુ.
૨. બાળકોમાં જોવા મળતી સામાન્ય બિમારીઓમાં બાળકોને મુખ્ય શિક્ષક પાસે મોકલવા.
૩. "મીડ ડે મીલ" માં જમતા પહેલા હાથ ધોવાની કામગીરીની અગત્યતા સમજાવી, બાળકોને હાથ ધોતા કરવા.
૪. દર બુધવારે WIFS અંતર્ગત ગળાવવામાં આવતી આઇ.એફ.એ. ગોળીનું મહત્વ બાળકોને સમજાવવુ. (બાલ ડોકટર દ્વારા ગોળી ગળાવવાની નથી)
૫. બાળકોમાં ધુમ્રપાન જેવા વ્યસન ન થાય તેની સમજ આપવી.
૬. સીઝનલ ડીસીઝ અને તેના અટકાવ અંગેની પ્રાથમિક જાણકારી આપવી.

આ કામગીરી સુચારુ રૂપે ઘાય તે માટે નીચે પ્રમાણેની કામગીરી કરવાની થાય છે.

૧. દરેક વર્ગમાં એક વિધાર્થી/વિધાર્થીનીને બાલ ડોકટર બનાવવાના રહેશે.
૨. દરેક વર્ગમાં બાલ ડોકટર તરીકેના બાળકની ઓળખની કામગીરી શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવશે.
૩. ઓળખ કરેલ બાળકોને આરોગ્ય વિભાગ દ્વારા આર.બી.એસ.કે. ટીમ દ્વારા તાલીમ આપવામાં આવશે.
૪. આરોગ્ય વિભાગ દ્વારા દરેક શાળામાં એક આયુષ કીટ આપવામાં આવશે.
૫. આરોગ્ય વિભાગ દ્વારા દરેક ડોકટરને બેઝ અને એપ્રોન આપવાગા આવશે. જેથી બાળકની "બાલ ડોકટર" તરીકેની આગવી ઓળખ ઉભી થાય.
૬. આરોગ્ય અને શિક્ષણ વિભાગ દ્વારા કામગીરીના રિપોર્ટીંગ અને મુલ્યાંકન પત્રક નકકી કરવામાં આવશે.
૭. આરોગ્ય અને શિક્ષણ વિભાગ દ્વારા દરેક શાળામાં નોડલ શિક્ષકને પણ આ અંગે તાલીમ આપવી, મોનીટરીંગ કરવા જણાવવુ.
૮. બાલ ડોકટર કાર્યક્રમને વેગ આપવા માટે દરેક જીલ્લા અને તાલુકા કક્ષાએ સારી કામગીરી કરતાં હોય તેવા જિલ્લા અને તાલુકા નોડલ શિક્ષક અને તે જ પ્રમાણે જિલ્લા અને તાલુકા કક્ષાએ નોડલ બાલ ડોકટર નકકી કરવાનાં રહેશે.
૯. આરોગ્યં વિભાગ દ્વારા નોડલ શિક્ષક અને બાલ ડોકટર માટે દર માસે એક સેટકોમનું આયોજન શિક્ષણ વિભાગના સહયોગથી કરવામાં આવશે.

૧૦. આરોગ્ય વિભાગ દ્વારા દર અઠવાડિયે "બાલ ડોકટરની વાત" (ન્યુઝ બુલેટીન) PDF કોપીમાં પબ્લીશ કરવામાં આવશે. આ બુલેટીન આર.બી.એસ.કે. ટીમ દ્વારા બાળકો/ શિક્ષકો સુધી (સોફ્ટ કોપીમાં) પહોંચાડવામાં આવશે.

આરોગ્ય અને શિક્ષણ વિભાગના સંયુકત ઉપક્રમે "બાલ ડોકટર" દ્વારા વિધાર્થીઓ, શાળામાં અને સમાજમાં પાયાના આરોગ્યલક્ષી સંદેશાઓ/આરોગ્ય શિક્ષણ પહોંચાડી "તંદુરસ્ત સમાજ, તંદુરસ્ત ગુજરાત" નું નિર્માણ કરવાનો આ નવીન અભિગમ છે.

આ કામગીરીનું પ્લાનીંગ, ઇમ્પ્લીમેન્ટેશન, રિપોર્ટીંગ અને મોનીટરીંગ આરોગ્ય વિભાગ અને શિક્ષણ વિભાગના અધિકારીશ્રીઓની બનેલ કમીટી દ્વારા સંયુકત રીતે કરવામાં આવશે. આ કામગીરીના નોડલ તરીકે આરોગ્ય વિભાગમાં આર.સી.એચ.ઓ.શ્રી અને શિક્ષણ વિભાગમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી રહેશે.

આપ સૌ આ કાર્યક્રમમાં સહયોગ આપશો, આ અંગેના કોઇ સુચન, અનુભવો અને સકસેસ સ્ટોરી તેમજ ઉપર મુજબ જિલ્લા/તાલુકાવાર નોડલ શિક્ષક અને નોડલ બાલ ડોકટરની યાદી આ સાથે સામેલ પત્રકમાં baldoctorstate@gmail.com ઇમેલ ઉપર મોકલી આપશો.

આભાર સહ.

સચિવ
(પ્રાથમિક અને માધ્યમિક,શિક્ષણ વિભાગ)
ગાંધીનગર

અગ્રસચિવ અને કમિશ્નર (આરોગ્ય)
(આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ)
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

- અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.

નકલ રવાના:-

- મિશન ડાયરેકટરશ્રી (એન.એચ.એમ.), એન.એચ.એમ. ભવન, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ઓફિસરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ).
- વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ (તમામ).
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત (તમામ).

## "બાલ ડોક્ટર" કામગીરી રિપોર્ટીંગ ફોરમેટ

માસ:- વર્ષ:-

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ શાળાની સંખ્યા | બાલ ડોક્ટરની સંખ્યા | | | તાલીમ લીધેલ છે કે નહિ ? (હા કે ના) | આયુષ કીટ , સ્ટેથોસ્કોપ અને એપ્રોન આપેલ છે (હા કે ના) | SATCOM કાર્યક્રમમાં હાજરી આપેલ છે. (હા કે ના) | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | વિધાર્થી (કુમાર) | વિધાર્થીની (કન્યા) | કુલ | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

## જિલ્લા અને તાલુકા કક્ષાના નોડલ શિક્ષક અને નોડલ બાલ ડોકટરની યાદી મોકલવાનું પત્રક

માસ અને વર્ષ:-

જિલ્લો:-

| ક્રમ | જિલ્લા/ તાલુકા કક્ષાએ | નોડલ શિક્ષકની વિગત | | | | નોડલ બાલ ડોકટરની વિગત | |
|---|---|---|---|---|---|---|---|
| | | નોડલ શિક્ષકનું નામ | મેલ/ ફિમેલ | મોબાઇલ નંબર | ઇ-મેઇલ એડ્રેસ | નોડલ બાલ ડોકટરનું નામ | કુમાર/કન્યા |
| | | | | | | | |
| | જિલ્લા કક્ષાએ | | | | | | |
| | તાલુકા કક્ષાએ | | | | | | |
| ૧ | તાલુકો- ૧ | | | | | | |
| ૨ | તાલુકો- ૨ | | | | | | |
| ૩ | | | | | | | |
| ૪ | | | | | | | |